# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-01-2025** **Evening: 7.50 TO 8.00**
**Day :WEDNESDAY** **National News**

**આકાશવાણી સમાચાર હીના મોદી વાંચે છે.**

*****************************************************

1) મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લામાં બેંગલુરુ એક્સપ્રેસની ટક્કરમાં 8થી વધુ લોકોના મોત થયાની આશંકા

2) કેન્દ્રીય કેબિનેટે કાચા શણના લઘુતમ ટેકના ભાવમાં વધારો કરવાનો અને રાષ્ટ્રીય હેલ્થ મિશનને કાર્યાન્વિત રાખવાનો નિર્ણય કર્યો

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે બેટી બચાવો બેટી પઢાઓ આંદોલન એક પરિવર્તનકારી, નાગરિક સંચાલિત પહેલ બની

4) પ્રયાગરાજમાં મહાકુંભ ખાતે યોજાયેલી ઉત્તર પ્રદેશ સરકારની વિશેષ કેબિનેટ બેઠક બાદ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને મંત્રીમંડળના સભ્યોએ ત્રિવેણી સંગમ ઉપર ડુબકી લગાવી

5) ઇગ્લેંડ સામેની પહેલી ટી-20 ક્રિકેટ મેચમાં ભારતે ટોસ જીતીને પ્રવાસી ટીમને બેટીંગ આપ્યા બાદ અર્શદીપે શરૂઆતમાં બે વિકેટ ઝડપી

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# TRAIN - ACCIDENT

મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લામાં બેંગલુરુ એક્સપ્રેસની ટક્કરમાં 8થી વધુ લોકોના મોત થયાની આશંકા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ ટ્રેન અકસ્માત પરાંડા રેલ્વે સ્ટેશન નજીક થયો હતો. પુષ્પક એક્સપ્રેસના મુસાફરો, ટ્રેનના પૈડામાંથી ધુમાડો નીકળતા આગ લાગવાના ડરથી, બચવા માટે ઉતાવળે પાટા પર કૂદી પડ્યા ત્યારે આ દુર્ઘટના બની હતી. આ અકસ્માત અંગે મધ્ય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સ્વપનિલનીલાએ વધુ માહિતી આપી

**(બાઈટ: સ્વપનિલનીલા)**

આ ઘટનાની જાણ થતાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દુર્ઘટના અંગે દુખ વ્યક્ત કર્યું હતું તેમજ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પાસે દુર્ઘટનાની વિગતો મેળવી હતી

# REV. CABINET-BRIEFING

સરકારે માર્કેટિંગ સીઝન 2025-26 માટે કાચા શણના લઘુત્તમ ટેકાના ભાવમાં વધારો કરવાનો નિર્ણય લીધો છે. આજે નવી દિલ્હીમાં કેબિનેટના નિર્ણયો વિશે માહિતી આપતા કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે, કાચા શણ માટે પ્રતિ ક્વિન્ટલ પાંચ હજાર 650 રૂપિયાનો લઘુત્તમ ટેકાનો ભાવ આપવામાં આવશે જે અગાઉની માર્કેટિંગ સીઝન 2024-25 કરતા 315 રૂપિયા વધુ છે. તેમણે કહ્યું કે, આનાથી શણ ઉદ્યોગ પર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નિર્ભર 40 લાખ ખેડૂત પરિવારોને મદદ મળશે.

(બાઇટ- પીયૂષ ગોયલ, કેન્દ્રીય મંત્રી)

કેન્દ્રીય મંત્રીમંડળે રાષ્ટ્રીય આરોગ્ય મિશન હેઠળ પ્રાપ્ત પ્રગતિની સમીક્ષા કરી હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો..શ્રી ગોયલે ઉમેર્યું કે કેન્દ્રીય મંત્રીમંડળે અગાઉ નક્કી કર્યા મુજબ તેના અમલીકરણને વધુ બે વર્ષ માટે કાર્યાન્વિત રાખવાનો નિર્ણય લીધો હતો. 2021 માં, કેન્દ્રીય મંત્રીમંડળે રાષ્ટ્રીય આરોગ્ય મિશનના અમલીકરણને 2026 સુધી પાંચ વર્ષ માટે લંબાવ્યું હતું.

(બાઇટ- પીયૂષ ગોયલ, કેન્દ્રીય મંત્રી)

# EVE PM DELHI POLLS

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આમ આદમી પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા, શ્રી મોદીએ આરોપ લગાવ્યો હતો કે આમ આદમી પાર્ટી રાષ્ટ્રીય રાજધાનીમાં લોકોની પાણી જેવી મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવામાં નિષ્ફળ ગઈ છે. તેમણે દિલ્હીમાં શાસક પક્ષ પર કટાક્ષ કરતા કહ્યું હતું કે શહેરમાં દારૂ ઉપલબ્ધ છે પણ પાણી નથી, અને દિલ્હીમાં ટેન્કર માફિયાઓ ફૂલીફાલી રહ્યા છે. શ્રી મોદીએ મેરા બૂથ સબસે મજબૂત કાર્યક્રમ હેઠળ નમો એપ દ્વારા ભાજપના બૂથ-સ્તરના કાર્યકરો સાથે વાતચીત કરતી વખતે આ વાત કહી હતી. શ્રી મોદીએ AAP અને કોંગ્રેસ પર શહેરના લોકો સાથે દગો કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે AAP કન્વીનર અરવિંદ કેજરીવાલ પર મુખ્યમંત્રી તરીકે તેમના નિવાસસ્થાન પર થયેલા કથિત ખર્ચનો ઉલ્લેખ કરીને આકરા પ્રહારો કર્યા હતા. પ્રધાનમંત્રીએ શહેરમાં આયુષ્માન ભારત યોજના લાગુ ન કરવા બદલ AAP સરકાર પર પણ સવાલ ઉઠાવ્યા હતા.

તેમણે રાષ્ટ્રીય રાજધાનીના દરેક બૂથ પર રેકોર્ડ મતદાન સુનિશ્ચિત કરવા અને 50 ટકાથી વધુ મતો જીતવાનું લક્ષ્ય રાખવા કાર્યકરોને જણાવ્યું હતું. તેમણે કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનો પણ ઉલ્લેખ કર્યો હતો.

**(BYTE- PM)**

શહેરના વિવિધ ભાગોમાં બૂથ સ્તરના કાર્યકરો સાથે ભાજપના સાંસદો, ધારાસભ્યો, કાઉન્સિલરો અને પદાધિકારીઓએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છોઆ સમાચાર . આપ અમારીYoutube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશોવધુ . સમાચાર માટેઅમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM BETI BACHAVO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે બેટી બચાવો બેટી પઢાઓ આંદોલન એક પરિવર્તનકારી, નાગરિક સંચાલિત પહેલ બની છે અને જીવનના તમામ ક્ષેત્રોના લોકોની ભાગીદારીને આકર્ષિત કરી છે. આંદોલનના 10 વર્ષ પૂર્ણ થવા પર, પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, બેટી બચાવો બેટી પઢાઓ આંદોલન લિંગ પૂર્વગ્રહોને દૂર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે અને છોકરીઓને શિક્ષણ અને તેના સપનાઓને પ્રાપ્ત કરવા માટે તકો મળે તે સુનિશ્ચિત કરવા માટે યોગ્ય વાતાવરણ બનાવ્યું છે.

# EVE MAHAKUMBH- UP CABINET MEETING

ઉત્તર પ્રદેશ સરકારની એક ખાસ કેબિનેટ બેઠક આજે પ્રયાગરાજ ખાતે યોજાઈ હતી. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની અધ્યક્ષતામાં અરૈલ વિસ્તારના ત્રિવેણી સંકુલ ખાતે યોજાયેલી આ બેઠકમાં રાજ્ય સરકારના તમામ 54 મંત્રીઓ હાજર રહ્યા હતા. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, રાજ્યના જન કલ્યાણ અને પ્રગતિ માટે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. બેઠક બાદ મીડિયાને સંબોધતા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે, સરકારે જાહેર-ખાનગી ભાગીદારી મોડેલ હેઠળ હાથરસ, બાગપત અને કાસગંજમાં મેડિકલ કોલેજોના નિર્માણને મંજૂરી આપી છે. તેમણે કહ્યું કે, પ્રયાગરાજ, વારાણસી અને આગ્રા મ્યુનિસિપલ કોર્પોરેશનો માટે મ્યુનિસિપલ બોન્ડ જારી કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. શ્રી આદિત્યનાથે કહ્યું કે, આ બોન્ડ શહેરી માળખાગત સુવિધાઓ વધારવા અને આ શહેરોમાં ટકાઉ વિકાસ સુનિશ્ચિત કરવા માટે ભંડોળ ઊભું કરશે. મુખ્યમંત્રીએ પ્રયાગરાજથી આસપાસના જિલ્લાઓ અને અન્ય પ્રદેશો સાથે જોડાણ વધારવા સંબંધિત પ્રોજેક્ટ્સની પણ જાહેરાત કરી.

બાદમાં, મુખ્યમંત્રી અને મંત્રી પરિષદના સભ્યોએ ધાર્મિક વિધિઓ કરી અને ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કર્યું હતું.

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આવતીકાલે એક દિવસના રાજ્યના પ્રવાસે આવી રહ્યાં છે. તેઓ અમદાવાદમાં સાત અને સૂરતમાં વિવિધ વિકાસ પરિયોજનાના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

આવતીકાલે સવારે તેઓ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી મેદાન ખાતે હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળાનું ઉદ્ઘાટન કરશે ત્યાર બાદ તેઓ સુરતમાં શ્રી બાબુલાલ રૂપચંદ શાહ મહાવીર કેન્સર હોસ્પિટલ અને શ્રી કુલચંદભાઈ જયકિશનદાસ વખારિયા સેનેટોરિયમનું ઉદ્ઘાટન કરશે.

સુરતના કાર્યક્રમ બાદ તેઓ અમદાવાદ મહાનગર પાલિકા અને રેલવે દ્વારા તૈયાર કરાયેલી વિવિધ વિકાસ લક્ષીયોજનાઓનું લોકાર્પણ કરશે જ્યારે પ્રવાસના અંતે તેઓ CIMS રેલ્વે ઓવરબ્રિજ નીચે બનેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સને શરૂ કરાવશે.

# KHELO INDIA

ખેલો ઇન્ડિયા સીઝન આવતીકાલથી લદ્દાખમાં ખેલો ઇન્ડિયા વિન્ટર ગેમ્સ 2025 સાથે શરૂ થશે. રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને સંસ્થાકીય સંગઠનોની બનેલી ઓગણીસ ટીમો પાંચ દિવસ સુધી આઇસ-હોકી અને આઇસ-સ્કેટિંગ બે કાર્યક્રમમાં ભાગ લેશે -. આ ખેલો ઇન્ડિયાનો પહેલો ભાગ હશે. સ્કીઇંગ જેવી બરફની રમતોનો સમાવેશ થાય છે, તેલ બીજો ભાગ  22-25 ફેબ્રુઆરી દરમિયાન જમ્મુ અને કાશ્મીરમાં યોજાશે. કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા ગુરુવારે લેહના પ્રતિષ્ઠિત નવાંગ દોરજય સ્ટોબદાન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ઉદ્ઘાટન સમારોહમાં હાજરી આપશે અને રમતોની શરૂઆતની ઘોષણા કરશે.

રમતોત્સવમાં ભાગ લેનારા 594 સ્વાગત કરવા માટે પરંપરાગત, લદ્દાખી શૈલીની શરૂઆતનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાંથી 428 રમતવીરો હશે.

# CRICKET

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચની ટી-20 શ્રેણીની પ્રથમ મેચ આજે કોલકાતાના ઇડન ગાર્ડનમાં રમાઈ રહી છે. ભારતે ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી છે. ઇંગ્લેન્ડે પ્રથમ ઓવરમાં જ એક વિકેટ ગુમાવી દીધી છે. ફિલિફ સોલ્ટ શૂન્ય રને અર્શદીપ સિંઘની ઓવરમાં આઉટ થયા છે. દરમિયાન અર્શદીપ સિંઘે ત્રીજી ઓવરમાં બેન ડકેટને પણ આઉટ કર્યા હતા. છેલ્લા અહેવાલ પ્રમાણે ઇંગ્લેન્ડના ત્રણ ઓવરમાં બે વિકેટે 17 રન થયા છે.

# MANDAVIYA KHO KHO

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત તથા શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે નવી દિલ્હીમાં વિશ્વ કપ વિજેતા ખો ખો ટીમોનું સન્માન કર્યું હતું. ભારતીય પુરુષ અને મહિલા ટીમોએ 19 જાન્યુઆરીનાં રોજ ઇન્દિરા ગાંધી ઇન્ડોર સ્ટેડિયમ ખાતે પ્રથમ ખો-ખો વર્લ્ડ કપનો ખિતાબ જીત્યા બાદ ઇતિહાસ રચ્યો હતો. બંને ટીમોએ પોતપોતાની ફાઈનલમાં નેપાળને હરાવ્યું હતુ. જેમાં આજે પુરૂષ અને બહેનોની ખો-ખોની સંપૂર્ણ ટીમ તેમજ કોચ, ખો-ખો ફેડરેશન ઓફ ઈન્ડિયાનાં પ્રમુખ સુધાંશુ મિત્તલ તેમજ મંત્રાલય અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાનાં અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.